
॥ श्रीद्वारकाधीशो विजयते ॥

ॐ




શ્રી દ્વારકા શારદાપીઠમાં

શ્રી ૫. ૫. જગદ્ગુરુ શ્રી ૧૧૦૮ શ્રી શંકરાચાર્ય

સ્વામીશ્રી અભિનવસચ્ચિદાનન્દતીર્થજી મહારાજશ્રીનો

# पट्टाभिषेकमहोत्सव



www.dwarkashardapeetham.org



શ્રી જગદ્ગુરુમહારાજ


www.dwarakasharadapeetham.org

## श्री द्वारका शारदापीठाधीश्वर श्री जगद्गुरु
## शङ्कराचार्य स्वामी श्री अभिनवसच्चिदानन्दतीर्थजी महाराज



www.dwarakashardapeetham.org

H. H. Shri 1108 Shri Jagadguru Shankaracharya
Swami Shri Abhinava Sacchidananda Tirthaji Maharaj
Shri Dwaraka Sharda Pitha-Dwaraka



श्री द्वारकाधीश भगवान्
देवनी जमणी बाजुमां श्री जगद्गुरुश्री

www.dwarkashardapeetham.org

॥ श्रीद्वारकाधीशो विजयते ॥

श्री द्वारका शारदापीठमां
श्री प. प. श्रीमज्जगद्गुरु श्री १९०८ श्री शंकराचार्य
स्वामी श्री अभिनवसच्चिदानन्दतीर्थजी महाराजश्रीना

# पट्टाभिषेकमहोत्सव

સમ્પાદક અને પ્રથમાવૃત્તિના પ્રકાશક:
મનમોહનરાય દિ. રાવળ
ઍડ્વોકેટ, રાજકોટ

દ્વિતીયાવૃત્તિના પ્રકાશક:
ના. દરબારશ્રી ભાયાવાળા સાહેબ
સ્વ. ખારી-બગસરા

સંવત ૨૦૦૨ * 1946

શ્રી ભગવતસિંહજી ઇલેક્ટ્રિક લિથો એન્ડ પ્રિન્ટિંગ પ્રેસ.
માલિક, મુદ્રક: પારેખ દેવળચંદ કાનજીભાઈ–ગોંડલ.

www.dwarakasharadapeetham.org

# બીજી આવૃત્તિની પ્રસ્તાવના

પૂજ્યપાદ શ્રી પશ્ચિમામ્નાય, શ્રી દ્વારકા શારદાપીઠાધીશ્વર શ્રીજગદ્ગુરુ શ્રીશંકરાચાર્યજી મહારાજશ્રી ૧૧૦૮ સ્વામીશ્રી અભિનવસચ્ચિદાનંદતીર્થજી મહારાજશ્રી મારી વિનતિનો સ્વીકાર કરી મારા રાજ્યસ્થાન બગસરામાં પધારી મારા સમસ્ત રાજકુટુંબને સપ્રેમ શ્રી પ્રસન્નતાપૂર્વક શુભ આશીર્વાદ આપી આભારી કર્યા છે.

પટ્ટાભિષેકમહોત્સવનું પ્રથમ આવૃત્તિનું સચિત્ર પુસ્તક મને પ્રસાદીરૂપે આપતાં મને ઘણો જ આનંદ થયો જેથી બીજી આવૃત્તિ મારા લઘુબંધુ સ્વર્ગસ્થ કુમારશ્રી જીવાવાળાના સંસ્મરણાર્થે મારા તરફથી છપાવવા માટે વિનતિ કરતાં પૂજ્યપાદ જગદ્ગુરુશ્રી તરફથી સપ્રેમ મંજૂરી આપવામાં આવી, જેથી આ બીજી આવૃત્તિ શ્રી પશ્ચિમામ્નાય પ્રજાના ગુરુસ્થાનના પીઠભક્તોને આપવા માટે મારા અંતઃકરણના પ્રેમી લઘુબંધુ સ્વ. કુમારશ્રી જીવાવાળાના સંસ્મરણાર્થે મારા તરફથી સદરહુ પુસ્તક પ્રકાશિત કરું છું.

સં. ૨૦૦૨ના ચૈત્રશુક્લ નવમી (શ્રીરામજયંતી) લિ.

બુધવાર તા. ૧૦-૪-૧૯૪૬ દરબારશ્રી ભાયાવાળા સાહેબ

સ્વ. ખારી-બગસરા



www.dwarakashardapeetham.org



સ્વ. કુમારશ્રી ઝુવાવાળા સાહેબ

સ્વ. ખારી-બગસરા

www.dwarkasharadapeetham.org

www.dwarakasharadapeetham.org

॥ શ્રીદ્વારકાધીશો વિજયતે ॥

## શ્રી દ્વારકા શારદાપીઠમાં

### શ્રી પ. પ. શ્રીજગદ્‌ગુરુ શ્રી ૧૧૦૮ શ્રીશઙ્કરાચાર્ય સ્વામી શ્રી અભિનવસચ્ચિદાનન્દતીર્થજી મહારાજશ્રીનો

# પટ્ટાભિષેકમહોત્સવ

સનાતન ધર્મના રક્ષણમાટે શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય ભગવાને ચાર દિશાઓમાં જે ચાર પીઠ સ્થાપન કરી તેમાં પશ્ચિમામ્નાય શ્રી દ્વારકા શારદાપીઠ મુખ્ય છે. આ વાત સર્વ વિદિત છે.

ભગવાન્ શ્રી કૃષ્ણચન્દ્રની સાન્નિધ્યથી પવિત્ર થઈ રહેલા અને ચાર ધામોમાં તથા સપ્ત પુરીઓમાં પ્રમુખ શ્રી દ્વારકા ક્ષેત્રમાં આ શારદાપીઠ બિરાજમાન છે. જ્યારે આ પીઠના પરમ્પરાગત શ્રીજગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામી શ્રી ચન્દ્રશેખરાશ્રમ મહારાજ વિક્રમ સંવત્ ૨૦૦૧ના માઘ શુક્લ નવમીના રોજ સમાધિસ્થ થયા ત્યારે દ્વારકાના મહાજન તથા ત્યાંના સમસ્ત સનાતન ધર્માનુયાયી પ્રજાએ મળીને વિચાર કરીને નિશ્ચય કર્યો કે આ પીઠ પર શ્રી જગદ્‌ગુરુ શ્રીશંકરાચાર્ય સ્વામી શ્રી અભિનવસચ્ચિદાનન્દતીર્થજી મહારાજશ્રી જ સુયોગ્ય છે; તેઓ મહામ્નાયમાં બતાવેલાં લક્ષણોથી સમ્પન્ન છે અને બરોડા, જામનગર, ધ્રાંગધ્રા, પાલીતાણા, રાજકોટ, વઢવાણ, મૂળી, કોટડાસાંગાણી વગેરેના રાજાઓ તથા પ્રજા તરફથી માન્ય થયા છે તથા હજારો પુરુષોએ તેમને માટે ભલામણ કરી છે અને શ્રી મુલબાગલના પરમ્પરાગત પીઠાધીશ્વર છે અને ધારાપ્રવાહરૂપથી સરસ રુચિર ધાર્મિક વ્યાખ્યાનોથી ગુજરાત કાઠિયાવાડના રાજા તથા પ્રજાઓનાં મન પ્રફુલ્લિત કરી રહ્યા છે.

નામદાર જામનગર મહારાજા સાહેબના આમંત્રણથી પધારીને બે મહિના સુધી ગુરુશ્રીનો મુકામ જામનગરમાં થયો હતો. ત્યાં ગુરુશ્રીની સન્નિધિમાં આવીને દ્વારકાના મહાજનોએ પોતાનો નિશ્ચય નિવેદન કરીને દ્વારકા પધારવાને પ્રાર્થના કરી. આ પ્રાર્થનાને માન્ય કરી જ્યેષ્ઠ સુદિ બીજને દિવસે ગુરુશ્રી દ્વારકા પધાર્યા. મે. ઓખામંડલના સુબા સાહેબ તથા અધિકારી વર્ગ વગેરે દ્વારકાના લોકોએ ઘણી ધામધૂમથી ગુરુશ્રીનું સ્વાગત કર્યું. ગુરુશ્રીનો આ દ્વારકાપુરપ્રવેશ દ્વારકાના ઇતિહાસમાં અભૂતપૂર્વ થઈ ગયો. ગુરુશ્રીનાં જુલૂસ સ્ટેશનથી શરૂ થઈ જે દ્વારકાધીશના મંદિર સુધી ગઈ તે મંગલવાદ્ય, પોલિસ, મિલિટરી, સ્કાઉટ તથા નરનારીઓની સુશોભિત થઈ હતી. દરેક ઘરમાંથી ભક્ત લોકોએ પુષ્પહાર પહેરાવ્યા. ત્યાંથી ગુરુશ્રી દ્વારકાધીશનાં દર્શન કરીને મઠમાં પધાર્યા. પછી મોટી સ્વાગતસભા થઈ ત્યાં ગુરુશ્રીનો આશીર્વાદ મળ્યા પછી સભા વિસર્જન થઈ.

## —પાંચ દિવસ દેવસ્થાનોમાં દર્શન—

શ્રીજગદ્‌ગુરુ સ્વામી શ્રી અભિનવસચ્ચિદાનન્દતીર્થજી મહારાજ પધાર્યા પછી

www.dwarakasharadapeetham.org

તા. ૧૨ થી ૧૭ મી સુધી ૭ દિવસોનો કાર્યક્રમ દ્વારકાના સ્થાનદેવતાના-જેવા કે શ્રી સિદ્ધનાથમહાદેવ, શ્રી ભદ્રકાલીમાતા, સંગમનારાયણ, રણમુક્તેશ્વર વગેરે દેવસ્થાનોમાં દેવદર્શનનો યોજાયો હતો. તેમજ ભૂતપૂર્વશંકરાચાર્ય મહારાજોની સમાધિસ્થાનોની તથા પ્રતિમાઓની પૂજામાં વ્યતીત થયો હતો.

## -અભિષેકનો પૂર્વ કાર્યક્રમ-

પટ્ટાભિષેકના શુભપ્રસંગના કાર્યક્રમનો માંગલિક આરમ્ભ જ્યેષ્ઠ શુક્લ ૮ તા. ૧૮ મી જુન ૧૯૪૫ સોમવારથી થયો હતો. તે દિવસે આરમ્ભથી ગ્રહશાન્તિ પર્યન્ત કાર્યક્રમ થઈ, શુક્લ ૯ ની તા. ૧૯ મી મંગલવારે ઐન્દ્રીશાન્તિનો વિધિવત કાર્યક્રમ પટરાણી મંદિરના ચોકમાં વિદ્વાન બ્રાહ્મણોના હસ્તે સારી રીતે થયો હતો.

## -અભિષેકવિધિ-

શ્રી શંકરાચાર્ય મહારાજના પટ્ટાભિષેકનો માંગલિક કાર્યક્રમ તા. ૨૦ મી બુધવારે યોજાયેલો હતો. અભિષેકવિધિની શરૂઆત સવારે ૮ વાગે થઈ હતી. આ વિધિમાં આચાર્ય તરીકે કામ કરનાર પં. શાસ્ત્રીજી સાકરલાલ દવે, યજમાન શ્રી કલ્યાણરાય જોશી સાથે જગદ્‌ગુરુશ્રીને પટ્ટાભિષેક અને મુહૂર્તની ખબર આપવા ગયા હતા. નવથી અગિયાર વાગ્યા સુધી ઐન્દ્રીશાન્તિનું બાકીનું કાર્ય પૂરું થયું હતું.

## -અભિષેક-સ્નાનવિધિ-

બપોરે ૧૨ વાગ્યા પછી અભિષેક-સ્નાનવિધિ થયો હતો. તે માટે મન્દિરની દક્ષિણ બાજુએ પીઠની સન્મુખ આવેલા આરસના ચોકમાં સ્વતંત્ર મંડપ ઊભો કર્યો હતો. અભિષેક વખતે છત્ર, ચામર, છડી, શંખનાદ, ભેરીનાદ રાખવામાં આવ્યાં હતાં.

## -સંગમતીર્થોનાં પવિત્ર જલ-

પૂર્વ પૂજન કર્યા પછી જુદાં જુદાં મહાતીર્થોનાં જલથી અને વેદોક્તમંત્રથી પવિત્ર કરેલા જલથી છિદ્રવાળા ઘટ દ્વારા આચાર્યશ્રીના શિર ઉપર બ્રાહ્મણોએ તથા યજમાન વિધિપૂર્વક મંત્રો સહિત અભિષેક કર્યો હતો. અભિષેક મુહૂર્ત બરોબર ૧૨-૨૧ મિનિટે સમ્પૂર્ણ થયું હતું. અભિષેક વખતે ગોવર્ધનપીઠના શંકરાચાર્ય જગદ્‌ગુરુશ્રી સ્વામીશ્રી ભારતીકૃષ્ણતીર્થજીમહારાજ, શુક્લતીર્થના સ્વામી રામાશ્રમ આદિ અન્ય દંડીસ્વામીઓ, વિદ્વાન બ્રાહ્મણો, જામનગરમહારાજદમ્પતી તથા પ્રજા-વર્ગની મોટી મેદની મંડપમાં અને આસપાસ બહાર એકઠી થઈ હતી.


## -મંડપમાં, માનવન્ત હાજરી-

મંડપમાં ના. જામસાહેબ બહાદુર તથા શ્રી અ. સૌ. મહારાણી સાહેબ, જામનગર રાજ્યના પ્રતિનિધિઓ,-સ્પેશલ ઓફિસર શ્રી જયંતિલાલ બક્ષી, આણદાબાવાશ્રમના મહન્ત શ્રી માયાપ્રસાદજી મહારાજ, તથા શ્રી "વેદાન્તાચાર્ય" શાન્તિપ્રસાદજી, રેલ્વે મેનેજર રાયસાહેબ ગિરધરલાલભાઈ, કેળવણી અને ખેતી

www.dwarakasharadapeetham.org





દ્વારકા પ્રવેશોત્સવ દિને સ્વાગત સભા



પટ્ટાભિષેક મહોત્સવ વખતે શ્રી નવાનગરના ના. મહારાજા
જામસાહેબ અને અ. સૌ. મહારાણી સાહેબ દ્વારકામાં પધારે છે

www.dwarakasharadapeetham.org



પટ્ટાભિષેક કર્મકાંડ



શ્રી જગદ્‌ગુરુશ્રીનો પટ્ટાભિષેક

www.dwarkashardapeetham.org

ખાતાના વડા શ્રીસુરસિંહજી, કોષાધિકારી શ્રી કેશવજીભાઇ, રાજકીય સંસ્કૃત પાઠશાલાધ્યક્ષ "વેદાન્તાચાર્ય" શ્રી ત્ર્યમ્બકરામજીશાસ્ત્રી વગેરે જામનગરની મંડલી, વડોદરારાજ્યના સ્થાનિક તથા રાજ્યના અમલદારો, મે. સુબા રફી સાહેબ, મે. દેવસ્થાનઅધિકારી સાસવડકર સાહેબ, મેસાણા પ્રાન્ત ન્યાયાધીશ અને બ્રહ્મીભૂત આચાર્ય શ્રી ચંદ્રશેખરાશ્રમ મહારાજના કુલમુખત્યાર મંજૂલાલ સેવકલાલ દવે સાહેબ, રાજકીય મહાવિદ્યાલયાધ્યક્ષ શ્રી લક્ષ્મીનારાયણ શાસ્ત્રીજી, વડોદરાથી આવેલ ગૃહસ્થો–શ્રી વૈદ્યરાજ ચુનીલાલજી રેવાશંકર, શ્રી હરિરાય બુચ, શ્રી ભોગીલાલભાઇ, શ્રી બેચરલાલ પંડ્યા, શ્રી અમીન હરિભાઈ વગેરે, રાજકોટના "સાધના"ના તંત્રી શ્રી ઉચ્છરંગરાય ઓઝા, ઍડવોકેટ શ્રી મનમોહનરાય ટિ. રાવલ, ગોંડલ રેલ્વેના મેનેજર શ્રી માનશંકર પંડ્યા વગેરે લાલગંજના શ્રી અર્કનાથ મિત્ર, મૂળીના સનાતન મંડલના પ્રમુખ શ્રી શાસ્ત્રી વિષ્ણુપ્રસાદજી, શિરસ્તેદાર શ્રી કેશવલાલજી વગેરે. તથા ગુજરાત, કચ્છ, કાઠિયાવાડનાં જુદાં જુદાં રાજ્યો, અને ભાગોમાંથી આવેલા ગૃહસ્થો તથા સનાતનધર્મ સભાઓ એને ચાતુર્વર્ણ્ય મંડલોના પ્રતિનિધિઓ વગેરે જાણીતા મહેમાનોનો, તથા વડોદરા, જામનગર, ગોંડલ, રાજ-કોટ, મૂળી વગેરે ઘણાં રાજ્યોના પ્રતિનિધિઓ, અને પંડિત શાસ્ત્રીઓ, અને સનાતન સ્માર્તધર્મી આગેવાનોની ભરચક હાજરી ધ્યાન ખેંચતી હતી.

ના. જામસાહેબ રાજદમ્પતીની પધરામણીથી આજના શુભ પ્રસંગની શોભામાં વૃદ્ધિ થઇ જનતામાં હર્ષ અને ઉત્સાહનો અનેરો ઉમળકો ફેલાયો હતો.

## –અભિષેક પછી શ્રીને વસ્ત્ર સમર્પણ–

અભિષેક પૂરો થયા પછી શ્રી યજમાનના હસ્તે શ્રી જગદ્ગુરુશ્રીને અભિષેક પછીનાં પહેરવાનાં વસ્ત્રો તથા પોશાક અર્પણ કરવામાં આવ્યો હતો.

## –વન્દન–પ્રથમ સન્માન–

શ્રી શંકરાચાર્ય મહારાજ અભિષેકના સ્થાનથી મઠમાં જતાં માર્ગમાં મંડપમાંથી ના. મહારાજા જામ સાહેબ, તથા શ્રી અ. સૌ. મહારાણી સાહેબ આગળ આવી શ્રી શંકરાચાર્યને ભાવપૂર્વક વન્દન કર્યું હતું.

## –તિલકવિધિ–

અભિષેક પછી સ્વામી શ્રી અભિનવસચ્ચિદાનન્દતીર્થજી મહારાજ નવાં વસ્ત્રો ધારણ કરી છત્ર, ચામર, છડી સાથે શ્રી લક્ષ્મીજી મન્દિર પાસે આવી શ્રી પીઠા-ધીશ્વર શંકરાચાર્ય મહારાજની ગાદી ઉપર બરોબર ૧૨॥ વાગે બિરાજમાન થયા હતા. જે વખતે પ્રથમ મહારાજશ્રીને યજમાન ક. જોશીએ તિલક કર્યું હતું. અને તે પછી રાજોપાધ્યાય હસ્તે તિલક થયું હતું.

## –મુહૂર્તપત્રિકા–

એ વખતે રાજ્ય જોશી નારાયણ શર્માએ ખાસ તૈયાર કરેલી મુહૂર્તપત્રિકા વાંચી સમ્ભળાવી હતી.

www.dwarkasharadapeeth.org

11

## -ભેટ સમર્પણ-

તિલકવિધિ થયા પછી શંકરાચાર્ય મહારાજ પીઠના હમ્મેશાના સભામંડપમાં આવી શંકરાચાર્ય સિંહાસન ઉપર બિરાજ્યા હતા. તે વખતે શ્રી વડોદરા સરકાર તરફથી શ્રી મહાલ વહીવટદાર હસ્તે યથોચિત પૂજન ભેટ અર્પણ કર્યાં હતાં. પછી શ્રી દ્વારકાધીશના પૂજારી તરફથી પણ ભેટ ઉપરાણી અર્પણ થયાં હતાં. ના. મહારાજા જામ સાહેબ તરફથી

## -ભેટો અને દક્ષિણા-

પછી ના. મહારાજા જામસાહેબ, તથા અ. સૌ. મહારાણી સાહેબ મંડપમાં આવી શ્રી શંકરાચાર્ય મહારાજનું ભાવપૂર્વક પૂજન કરી રૂા. ૨૦૦૧ ભેટ ધરી હતી અને જામસાહેબ તરફથી શ્રીદ્વારકાધીશને રૂા. ૧૦૦૧ ભેટ તથા પટ્ટાભિષેક કાર્યના વરણીમાં રહેલા બ્રાહ્મણોને રૂા. ૧૦૧ ની દક્ષિણા આપવામાં આવી હતી અને ગુગલી બ્રાહ્મણોનું બ્રહ્મ ભોજન તથા શ્રી દ્વારકાધીશ મંદિરને ધ્વજ તેઓશ્રી તરફથી અર્પણ કરવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

તે પછી શ્રી શંકરાચાર્ય મહારાજને હાજર રહેલા જુદા જુદા રાજા મહારાજાના પ્રતિનિધિઓ તરફથી તથા સ્થાનિક તેમ જ ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ વગેરે જુદા જુદા સ્થળોએથી આવેલા પ્રતિનિધિઓ તેમ જ આ પ્રસંગે હાજર રહેલાં બહેનો તથા ભાઇઓ તરફથી યોગ્ય ભેટો, પોશાક સહ અર્પણ થઈ હતી.


ભેટ નજરાણું ધરવાનું કાર્ય પૂરું થયા બાદ શ્રી શંકરાચાર્ય મહારાજ પીઠમાં નિવાસસ્થાને પધારતાં મંગલ અભિષેકક્રમ પૂરો થઈ શ્રી દ્વારકાધીશકી જય, શ્રી શારદાપીઠકી જય, શ્રી શંકરાચાર્ય મહારાજકી જયના ચાલુ હર્ષનાદ વચ્ચે સઘળા વિખરાયા હતા.

## -શ્રી શંકરાચાર્ય મહારાજનું પ્રવચન-ઉત્તમ ધર્મબોધ-


શ્રીમજ્જગદ્‌ગુરુ શંકરાચાર્ય શ્રીમદ્ અભિનવસચ્ચિદાનન્દતીર્થસ્વામીમહારાજને અભિનન્દન આપવા અને તેઓના ધાર્મિક પ્રવચન તથા ઉપદેશ શ્રવણનો લાભ જનતાને આપવા તા. ૨૦ મી બુધવારે સાંજે પટ્ટાભિષેકદિને શ્રી શારદાપીઠના ચોકમાં મંડપમાં સમારમ્ભ યોજાયો હતો.

ના. મહારાજા જામસાહેબ, ના. અ. સૌ. મહારાણી સાહેબ સાથે સમારમ્ભમાં ખાસ પધાર્યા હતા. આચાર્યશ્રીના સિંહાસનની ડાબી બાજુએ પુરી ગોવર્ધન પીઠાધીશ્વર શ્રી ભારતીકૃષ્ણતીર્થ મહારાજ બિરાજ્યા હતા. મંડપ અને ચોક માનવ મેદનીથી ઉભરાતો હતો. શ્રી શંકરાચાર્ય મહારાજ છત્ર, ચામર વગેરે સાથે પધારી જયઘોષ સાથે સિંહાસન ઉપર બિરાજતાં, ના. જામસાહેબ રાજદમ્પતીએ સિંહાસન આગલ જઈ શ્રી શંકરાચાર્યને ભાવપૂર્વક વન્દન કર્યું હતું.

www.dwarakasharadapeetham.org




શ્રી જગદ્ગુરુ શંકરાચાર્ય પીઠારોહણ



પીઠારોહણ પછી ભેટ સમર્પણ

www.dwarkasharadapeetham.org



પટ્ટાભિષેકના દિને સાંજે મોટી અભિનંદન સભા

www.dwarkasharadapeetham.org

સમિતિના મંત્રી શ્રી કલ્યાણરાય જોશીએ ભાષણ કરતાં જણાવ્યું કે દ્વારકામાં આજનો પ્રસંગ અપૂર્વ છે. શારદાપીઠની ગાદી ઉપર અનેક આચાર્યો આવી ગયા. આજ ૭૭ મા શંકરાચાર્યનો પટ્ટાભિષેક થતાં તેનો ઉત્સવ ઊજવ્યો છે. દ્વારકા મહાજને અને દ્વારકાની સનાતનધર્મી પ્રજાએ સનાતન પ્રજાજનોની સલાહ સૂચના અને ભલામણો મંગાવી તેનો ફક્ત વિચાર કરી શ્રીમદ્ સ્વામીશ્રી અભિનવ-સચ્ચિદાનન્દતીર્થ મહારાજની પસન્દગી કરી.

તેને શ્રી સરકાર તરફથી યોગ્ય બહાલી મળી તે અનુસાર શ્રી સરકારની સહાયથી પ્રજા આજ ઉત્સવ ઊજવી રહી છે. શ્રી શંકરાચાર્યને ઉદ્દેશીને કહ્યુ કે આપે આપની વિદ્વત્તા, સૌજન્ય અને પ્રતિભાથી દ્વારકાની પ્રજાનું મન જીતી લીધું છે.

## –સન્દેશ–શુભેચ્છા–

મન્ત્રી શ્રી જોશીએ આજના પ્રસંગે આવેલા સંખ્યાબંધ શુભેચ્છાના સન્દેશાઓ, તારો અને પત્રો વાંચી સંભળાવ્યા હતા.

શ્રી શંકરાચાર્યસ્વામીશ્રી ભારતીકૃષ્ણતીર્થજી મહારાજશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે આજનો પ્રસંગ વિશેષ આનન્દદાયી છે, કારણ કે ઐતિહાસિક દૃષ્ટિથી આ મઠની એક શાખા અહીંથી નીકળી દક્ષિણમાં મૈસૂર રાજ્યમાં મુલબાગલમાં ગયેલી તેના હાલના ગાદીપતિ શ્રી અભિનવસચ્ચિદાનન્દતીર્થસ્વામી અહીંની શારદા-પીઠની ગાદી ઉપર આરૂઢ થવાથી મુલબાગલ શાખા તેની મૂલ પીઠ સાથે જોડાઇ ગઇ છે. બ્રહ્મવેદાન્ત અને સર્વ શાસ્ત્રોનો સમન્વય કરવો તે શંકર ભગવાનનો સિદ્ધાન્ત અને આદેશ છે. તેવો સમન્વય કરનાર આચાર્ય મળી આવ્યા તે ખુશીની વાત છે. પ્રભાસની પીઠ દ્વારકામાં મળી ગઇ તે સમન્વય થયો. હવે ત્રીજો કકડો બાકી છે, તે પણ જોડાઇ ટૂંક વખતમાં એ જ થાય, અને શ્રી શંકર ભગવાનની પશ્ચિમામ્નાય પીઠ એક જ રહે અને સમૃદ્ધ થાય. મઠામ્નાયના ધોરણે સર્વથી ઉત્તમ યોગ્યતા એ પસન્દગીનું પ્રધાન તત્ત્વ છે, અને તેથી સર્વશ્રેષ્ઠ યોગ્યતાના ધોરણે જ આ પસન્દગી થઈ છે. શુભેચ્છા દર્શાવી સ્વકૃત શુભાશીરભિનન્દનપદ્ય-માલિકા શ્લોક સંભળાવી વક્તવ્ય પૂરૂં કર્યું હતું.

## –શ્રી શંકરાચાર્યશ્રીના આશીર્વાદ–

પછી શ્રી શંકરાચાર્ય મહારાજે, સર્વને આશીર્વાદ આપી જણાવ્યું કે ભારત-વર્ષમાં પાખંડ મત–મતાન્તરોથી સમાજની છિન્નભિન્ન સ્થિતિ થયેલ તે વખતે શ્રી આદ્ય શંકર ભગવાને વેદ–વેદાન્ત–અદ્વૈતસિદ્ધાંત સ્થાપિત કર્યો અને તે કાયમ રહી જગતનું કલ્યાણ કાયમ રહે તે માટે ગોવર્ધન, શૃંગેરી, જ્યોતિ અને શારદા એ ચાર પીઠ–મઠો સ્થાપી, જ્યાંથી વર્ષો સુધી ઉપદેશ, બોધ અને પ્રચાર ચાલુ રહ્યો છે. તે પૈકીની દ્વારકાની શારદાપીઠને પશ્ચિમામ્નાયના ઉપદેશનો અધિકાર છે. દ્વારકા-પુરી હિન્દની સાત મહાપુરીઓ અને મોટાં ચાર ધામોમાં શ્રેષ્ઠપદે રહી છે. શ્રી

www.dwarkasharadapeetham.org

15

શંકરાચાર્યની પરમ્પરા ચાલુ રહી છે. અહીંની મૂલભાગલમાં શાખા થઈ તેની પરમ્પરા ચાલુ છે. તે પીઠનો અધિકાર અમને હતો. શારદાપીઠ એક થાય તેવો સંકલ્પ હતો. પ્રભાસતીર્થમાં શ્રી સ્વરૂપાનન્દતીર્થસ્વામીશ્રીનું કૈવલ્યપદ થવાથી અમને બોલાવેલા. ગયા ચૈત્રમાં શ્રી ચન્દ્રશેખરાશ્રમસ્વામીમહારાજ પધારતાં અમે તેઓશ્રીનું પૂજન કરી સ્વાગત કર્યું. તે વખતે વાતચીત થયેલી તે સફલ થઈ આજ પરિણામ આવ્યું, તે આનન્દની વાત છે. મઠામ્નાયનો કાયદો છે કે પરમ્પરા એવી ચાલતી આવી છે કે દ્વારકાના સનાતનધર્મી પુરુષો ઉત્તરાધિકારી તરીકે યોગ્ય વ્યક્તિને પસન્દ કરે, તેને રાજ્ય સમ્મતિ આપે, તેનો અભિષેક થાય, એ ધોરણે કામ થયું, તેના પરિણામે આજનો અભિષેક થયો છે. આજથી પ્રભાસપાટણમાં સને ૧૯૧૭માં સ્વામી ત્રિવિક્રમતીર્થમહારાજે સ્થાપેલી શ્રી શુદ્ધશારદાપીઠનો અંત આવે છે.


શ્રી મહારાજા જામસાહેબ તથા શ્રી અ. સૌ. મહારાણી સાહેબને ત્યાં અમે બે મહીના રહ્યા. તેઓ નામદારે ઉપદેશ શ્રવણ કર્યો અને આ પ્રસંગે આમન્ત્રણ સ્વીકારી ભાવપૂર્વક પધાર્યા, તે બહુ આનન્દની વાત છે. તેથી શ્રી દ્વારકાધીશની કૃપાથી આ સ્થળની મહત્તામાં વૃદ્ધિ થઈ છે. વડોદરાના શ્રી મહારાજા સાહેબ, શ્રી સૌ. મહારાણી સાહેબ તથા શ્રી રાજકુટુંબના આ સ્થાન પ્રત્યેના પ્રેમ અને ભાવથી સ્થાનની મહત્તામાં વધારો થાય છે, એ માટે સંતોષ દર્શાવી વડોદરાનાં તથા જામનગરના શ્રી રાજકુટુમ્બો તથા પશ્ચિમામ્નાયનાં શ્રી રાજકુટુમ્બો તથા સમસ્ત પ્રજાનું શ્રી ભગવાન્ કૃષ્ણચન્દ્ર કલ્યાણ કરે, સુખ શાન્તિ આપે અને સમૃદ્ધ કરે એવી પ્રાર્થના સાથે આશીર્વાદ આપું છું.

(હર હર મહાદેવના અવાજો)


## -ના. જામસાહેબનું ભાષણ-

ના. મહારાજા જામસાહેબ શ્રી દિગ્વિજયસિંહજીએ છટાદાર સુન્દર ભાષણ કરતાં જણાવ્યું કે આજે પીઠની ગાદી ઉપર અભિષેક થયો છે. તે પ્રસંગે પીઠ સંબંધમાં જે ઇતિહાસ અને ગૌરવ આપણે સાંભળ્યાં છે, તેને ઉદ્દેશીને થોડું બોલીશ. શ્રી શંકર ભગવાને જન્મ લીધો ત્યારે ધર્મની ગ્લાનિ થઈ હતી, તેઓ વગર કારણે નહોતા આવ્યા. આજ પણ ધર્મને હરકતો છે, જેમ શંકર ભગવાને તે દૂર કરી તેમ નવા આચાર્યશ્રી પણ કરવા સમર્થ થાય અને આદ્યગુરુનો આત્મા પ્રસન્ન થાય એવી શુભેચ્છા દર્શાવું છું. હિન્દુધર્મનું એક જ તત્ત્વ મુખ્ય છે, તે બીજાનું કંઈ માનતું નથી. એક જ વાત કહે છે કે આત્માને, ધર્મને અને સંસ્કૃતિને આગળ વધારો. આપ આચાર્યશ્રી પ્રત્યે એક જ અભ્યર્થના દર્શાવું છું કે, આપ આ મોક્ષપુરીના સ્થાનેથી એવી ઉત્કૃષ્ટ ધર્મસેવા બજાવો કે આપના સુયોગ્ય સદ્બોધથી પ્રજા ઉન્નત થાય, સુખી થાય અને મોક્ષ પામે.

www.dwarkasharadapeetham.org




સભામાં ના. જામ સાહેબનું અભિનંદન ભાષણ



પટ્ટાભિષેકાવસરમાં શ્રી જગદ્ગુરુશ્રીને દ્વારકા અને પશ્ચિમામ્નાયના
સમસ્ત સનાતન ધર્મી પ્રજા માનપત્ર આપે છે

www.dwarkasharadapeetham.org



શ્રી ત્રિવિક્રમ ભગવાન ( ભગવાનની જમણી બાજુમાં શ્રી જગદ્‌ગુરુશ્રી)



શ્રી દ્વારકાપુરી

www.dwarakasharadapeetham.org

## -પ્રશસ્તિ-અભિનંદન કાવ્યો-

પછી જુદા જુદા ભાવિક વિદ્વાનો તરફથી સંસ્કૃત અને ગુજરાતીમાં રચેલાં પ્રશસ્તિ, શુભેચ્છા અને અભિનંદનનાં ગુજરાતીમાં રચેલાં કાવ્યો, શ્લોકો ગવાયા હતા. દ્વારકાના શ્રી દામોદર શર્માના પ્રાર્થનાષ્ટક તથા વડોદરાના શ્રી માણુભાઇ હરિભાઇ અમીને અન્તર્લાપિકા કવિતા, રાજકોટના આદર્શ શાળાના માસ્તર શ્રી દુર્ગાશંકરભાઈના મુદ્રિત અભિનંદન શ્લોકો, તથા ગોંડલના વિદ્યામંત્રી શ્રી ચંદુભાઈ પટેલના મુદ્રિત અભિનંદન, આચાર્યશ્રીને સાદર કરી હતી. દ્વારકાના સમસ્ત ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ તરફથી બેટના શ્રીકૃષ્ણ પાઠશાલાધ્યક્ષ શ્રી પં. લાલજી શાસ્ત્રી-રચિત સંસ્કૃતપદ્યાત્મક અભિનંદનપત્ર શ્રી કૃષ્ણલાલજી મનરાજા વાંચી અર્પણ કરી.

## -શ્રી મંજુલાલ દવે સાહેબનું ભાષણ-

મહેસાણા પ્રાન્ત જજ્જ મે. મંજુલાલ દવેએ દ્વારકા શારદાપીઠ, તેનું સ્થાપન અને પ્રગતિનાં ૨૬૦૦ વર્ષના ઇતિહાસની રૂપરેખા આપી આદ્ય શંકર ભગવાનના પ્રાગટ્ય સમયની તથા આજની ધર્મપરિસ્થિતિ અને શારદાપીઠની સેંકડો વર્ષની ધર્મસેવાનો ખ્યાલ આપી દ્વારકા ક્ષેત્ર શ્રી સરકારના તાબામાં કેવી રીતે આવ્યું તેનો ઇતિહાસ કહી બતાવતાં જણાવ્યું કે અંગ્રેજી ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ સને ૧૮૧૮માં દ્વારકા અને બેટમાં હિંદુધર્મનાં સ્થાનો આવેલાં છે તેનું રક્ષણ સારી રીતે થાય તે હેતુથી ના. ગાયકવાડ સરકારને દ્વારકા અને બેટ સોંપ્યાં છે. આ રીતે હિન્દુધર્મસંરક્ષક રાજા તરીકે આ મહાન્ હિન્દુ તીર્થધામનું રક્ષણ કરવા શ્રી આનન્દરાવ મહારાજે સ્વીકારતાં ૧૮૧૮માં સાર્વભૌમત્વ તરીકે ઓખામંડલ ગાયકવાડ સરકારને તહનામાથી પ્રાપ્ત થયું. શ્રી ચન્દ્રશેખરાશ્રમ મહારાજને ૧૯૨૭માં આ પીઠની ગાદીએ સ્થાપિત કરેલા અને તેઓ ૧૮ વર્ષ આચાર્યપદે રહી કૈવલ્ય-પદ પામ્યા ત્યારે થયું કે હવે યોગ્ય સ્વામી ક્યાંથી શોધવા ? ચતુર્થાશ્રમ સ્વામી-ઓની સંખ્યા ઘટી છે. મઠામ્નાયની લાયકાતવાળા પણ બહુ થોડા છે, છતાં શ્રી ભગવાનની કૃપાથી પરિપૂર્ણ યોગ્યતાવાળા સ્વામી મળ્યા, તે માટે શ્રી કૃષ્ણચન્દ્રની કૃપા. નવા શંકરાચાર્યશ્રી દીર્ઘાયુ થાય, ધર્મપ્રચાર કરે, એ આપણી શુભેચ્છા છે. તેમનો અભિષેક એક પીઠના શંકરાચાર્યની હાજરીમાં થાય, અને વળી ના. જામ-સાહેબ જેવા મહારાજા અને અ. સૌ. મહારાણી પધારે, તે અદ્વિતીય પ્રસંગ હોઇ આજનો મહોત્સવ અતિ આનન્દદાયી છે.

## -અન્ય વિદ્વાનોનું ભાષણ-

જામનગર મહન્તશ્રી માયાપ્રસાદજી મહારાજે પ્રાસંગિક વિવેચન કરતાં જણાવ્યું કે "અભિનવ" ત્વ "સચ્ચિદાનન્દ" માં નથી હોતું, છતાં એ વિશેષણ આ સ્વામી મહારાજના નામમાં સાર્થક ચર્યું છે, તેમાં ભગવત્સંકેત હશે.

પછી શ્રી ત્ર્યમ્બકલાલજી શાસ્ત્રી તથા ચાતુર્માસ્યજી શ્રી કૃષ્ણશાસ્ત્રી, મૂળીના શાસ્ત્રી વિષ્ણુપ્રસાદજી વગેરે વિદ્વાન શાસ્ત્રીઓએ ભાષણ કર્યું.

www.dwarkasharadapeetham.org

## -શ્રી શંકરાચાર્ય મહારાજશ્રીનું પ્રવચન-

પછી શ્રી જગદ્ગુરુ શંકરાચાર્યશ્રી અભિનવસચ્ચિદાનન્દતીર્થસ્વામીજીએ પ્રવચન કરતાં જણાવ્યું કે ભારતવર્ષ જગતનો ગુરુ છે, તેણે જગતને જ્ઞાન, વિજ્ઞાન અને સંસ્કૃતિ આપ્યાં છે. જ્યારે ભારતવર્ષ પૂર્ણ ઉન્નત હતો ત્યારે પાશ્ચાત્ય દેશો જંગલી દશામાં હતા. અદ્વૈતસિદ્ધાંતથી વિશ્વમાં ભારતની કીર્તિ ફેલાઈ છે, ધર્મની જુદી વ્યાખ્યાઓ આપી જનતાનો ઉદ્ધાર કરે, ઉન્નત કરે, આ લોક અને પરલોકનું હિત કલ્યાણ કરે, તે સાચો ધર્મ કહી જણાવ્યું કે તે વેદધર્મ પ્રાચીન, અનાદિ અને અનન્ત છે. જેનો જન્મ, તેનો નાશ છે, પણ વેદનો નાશ નથી. કારણકે તે અનાદિ છે, ભગવાનનો આપેલો એ ધર્મ સનાતન, અનાદિ અને અનન્ત છે.

શ્રી કૃષ્ણચન્દ્રજીએ આ ધર્મનો નિચોડ ગીતામાં મૂક્યો છે અને આજે પણ એ સનાતન વેદધર્મ શ્રેષ્ઠ છે. શ્રી શંકર ભગવાને કહ્યું છે તેમ સનાતન ધર્મથી જ જગતનું કલ્યાણ છે, અને થશે. શ્રી ભગવાન્ ધર્મગ્લાનિ વખતે અવતાર લે છે, સાધુઓનું રક્ષણ કરે છે, અને દુષ્ટોનો સંહાર કરે છે, અને ધર્મસંસ્થાપન કરે છે. શ્રી શંકર ભગવાનનો જન્મ પણ એ જ હેતુથી થયો હતો. 'હરિ-હર' કે 'શિવ-વિષ્ણુ' એક જ છે, તેમાં ભેદ નથી. એ જુદા છે તે ભ્રમ દૂર કરવા અને વૈદિક ધર્મનો પ્રચાર કરવા શ્રી શંકર ભગવાને ભારતવર્ષમાં ચાર પીઠ સ્થાપી છે. તેણે વેદવિરોધનાં તત્ત્વો ઘૂસેલાં તે જાળાં કાઢી નાખવા સમ્રાટ્ સુધન્વા સાથે વાતચીત કરી તેના સાથથી વેદધર્મનો પુનરુદ્ધાર કર્યો હતો. ધર્મસત્તા અને રાજસત્તા-એ સમાજ-રથનાં ચક્રો છે. બન્ને એકસાથે જ ચાલે ત્યારે જ પ્રગતિ થઈ શકે. આજનો પ્રસંગ પણ દ્વારકાની સનાતન પ્રજાની ઇચ્છા અને રાજ્યની સંમતિનું પરિણામ છે, રાજા પ્રજાને ધર્મબાબતમાં સંબંધ છે, અને તે જળવાયાથી જ ધર્મપ્રચારની સફલતા થાય છે.

હિંદની સાત પુરી, અને ચાર ધામમાં દ્વારકાને અગ્રસ્થાન છે. તેથી આ શારદાપીઠ તેવું જ ગૌરવ પ્રાપ્ત કરે, જનકલ્યાણકારી ધર્મપ્રચાર કરે, એ શુભેચ્છા છે.

અમે અહીં આવ્યા, ત્યારથી અમને જે અનુભવ મળે છે અને જોયો છે તેથી આનંદ થાય છે. જેમ શ્રીકૃષ્ણચન્દ્રની કીર્તિનો મહિમા થયો, અને જગદ્ગુરુ કૃષ્ણચન્દ્રે ગીતામાં ધર્મ બતાવ્યો છે, તેમ તે ધર્મ પ્રજામાં ઓતપ્રોત થાય, એવું ઇચ્છી સત્કાર સ્વાગત અભૂતપૂર્વક થયો છે તે માટે સન્તોષ દર્શાવી આચાર્યશ્રીએ જણાવ્યું કે અન્તિમ પ્રાર્થના શુભેચ્છા એક જ છે કે આ મઠ પશ્ચિમામ્નાયની એક જ અને પ્રતિનિધિ થાય, અને ચાલુ રહે છે અને તેનું ગૌરવ વધે, અને પશ્ચિમામ્નાય પ્રદેશના રાજા પ્રજા સર્વનું કલ્યાણ થાય, એવી મારી શ્રી ભગવાન પ્રત્યે પ્રાર્થના છે.

(હર હર મહાદેવ અને દ્વારકાધીશની જય જયના અવાજો)

www.dwarkasharadapeeth.org




રાજકોટમાં માનપત્ર સભામાં શ્રી જગદ્‌ગુરુશ્રી
તથા ના. ઠાકોર સાહેબ અને રાજકુટુંબ




પાલીતાણામાં જગદ્‌ગુરુશ્રીનું સ્વાગત સરઘસ

www.dwarakasharadapeetham.org



ગોંડલમાં જગદ્ગુરુશ્રીને માનપત્ર અર્પણ સભાનું દશ્ય
વૈદ્યરાજ શ્રી જીવરામ શાસ્ત્રીજી માનપત્ર વાંચી વિવરણ કરે છે



કોટડા સાંગાણીમાં રાજમહેલમાં પધરામણી પછી લીધેલો ફોટો
(પ્રથમ લાઈનમાં ડાબી બાજુથી) ૩ જગદ્ગુરુશ્રી, ૪ ચુડાના
ના. યુવરાજ, ૫ કોટડાના ના. ઠાકોર સાહેબ, અધિકારી વર્ગ વગેરે

## -આભારદર્શન-

પછી સમિતિના મંત્રી શ્રી જોશીએ આ સમારંભ પૂર્ણ સફલ કરવામાં પૂર્ણ સહકાર સહાય અને સાથ આપવા બદલ દ્વારકાની સમસ્ત બ્રાહ્મણ પ્રજા મહાજન અને અમલદારોનો તથા પધારેલા સમસ્ત સજ્જનો અને સન્નારીઓનો આભાર માન્યો હતો.

(પછી હર હર મહાદેવ, શ્રી દ્વારકાધીશની જય, તથા શ્રી જગદ્‌ગુરુ શંકરાચાર્ય મહારાજની જયના હર્ષનાદ વચ્ચે સમારંભ વિસૃષ્ટ થયો હતો.)

## -દ્વારકામાં સન્માન પત્ર સમારમ્ભ-

ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, અને સઘળાં હિન્દુ રાજસ્થાનને તેમ જ વડોદરા રાજ્ય અને દ્વારકા સનાતનધર્મી પ્રજાના સેવકો તરફથી શ્રી મહારાજા સાહેબ શ્રી પ્રતાપસિંહ ગાયકવાડે દ્વારકામાં લેવાતા યાત્રાળુ કરો કાયમને માટે માફ કર્યા તે બદલ શ્રીમન્તને તથા પીઠના આચાર્યપદે આરૂઢ થયા તે બદલ શ્રીમત્ શંકરાચાર્ય શ્રી જગદ્‌ગુરુ સ્વામીશ્રી અભિનવસચ્ચિદાનંદતીર્થજી મહારાજને માનપત્રો અર્પણ કરવાનો ખાસ સમારમ્ભ તા. ૨૧ ગુરુવારે સાંજે શ્રી જગતમન્દિરના શ્રીશારદાપીઠના ચોકમાં થયો હતો. બહારના મહેમાનો દ્વારકાના નાગરિકો અને યાત્રિકોની હાજરીથી સભામંડપ અને ચોક ચીકાર ભરાયાં હતાં. શ્રી વૈદ્યરાજ ચુનીલાલ પંડ્યાએ શ્રીમન્તને અર્પણ કરવાનું માનપત્ર વાંચી તથા શ્રી કૃષ્ણલાલજી મનરાજાએ શ્રી શંકરાચાર્ય મહારાજને આપવાનું માનપત્ર વાંચી શ્રી નગરશેઠ ચુનીલાલભાઈ હસ્તે અર્પણ કર્યું હતું.

શ્રીમન્તનું માનપત્ર શ્રી રાજાજ્ઞાનુસાર પ્રાન્ત સૂબા મે. રડ્ડી સાહેબે સ્વીકારી શ્રી મહારાજા સાહેબ વતી આભાર અને શુભેચ્છા દર્શાવતું સુંદર ભાષણ આપ્યું હતું.

## -શ્રી શંકરાચાર્ય મહારાજશ્રીનું પ્રવચન-

શ્રી શંકરાચાર્ય મહારાજે માનપત્ર સ્વીકારી સન્તોષ બતાવી ધર્મસેવા અર્થે પોતાથી બનતું કરવા જણાવી દ્વારકાપીઠનું પ્રાચીન ગૌરવ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવામાં અને વધારવા માટે દ્વારકામાં સંસ્કૃત મહાવિદ્યાલય સ્થાપવાની શુભેચ્છા અને પશ્ચિમામ્નાય પ્રદેશમાં ઠેર ઠેર સનાતન ધર્મ મંડલો સ્થાપી, ધર્મનો પ્રચાર અને ઉત્કર્ષ કરવાની યોજના કરવાની અભિલાષા દર્શાવી તેમાં દ્વારકાની તથા પશ્ચિમામ્નાયી સનાતની પ્રજા તથા શ્રી સરકાર અને ગુજરાત કચ્છ કાઠિયાવાડનાં અન્ય રાજ્યો સર્વેનો સહકાર અને સાથ ઇચ્છી પશ્ચિમામ્નાય પ્રદેશની પ્રજાનું ઐહિક આમુષ્મિક કલ્યાણ થાય, ધર્મનો ઉત્કર્ષ થાય, અને શ્રી આદ્ય શંકર ભગવાનનો ઉદ્દેશ સફલ થાય એવી શ્રી કૃષ્ણચન્દ્રને પ્રાર્થના કરી હતી.

પછી આભાર માન્યા બાદ શ્રી દ્વારકાધીશની જય અને હર હર મહાદેવના જયઘોષ વચ્ચે મેળાવડો વિસર્જન થયો.

www.dwarkasharadapeetham.org

# अभिनन्दनपद्यमालिका

भव्यं यत्रात्मरूपं व्यतनुत भगवांश्चन्द्रमौलिः प्रसन्नः
शीलश्च श्रीमुकुन्दः सकलसुरपतिर्ज्ञानवित्तं विरिञ्चः ।
दीव्यन्ती यन्मुखाब्जे चकितयति बुधान्सर्वदा शारदाम्बा
काचिद्दिव्या त्रिमूर्तिर्विलसति भगवान्सच्चिदानन्दतीर्थः ॥ १ ॥


वेदांस्तद्धर्मसेतूनपि कलिमलिनैर्बाध्यमानान्समीक्ष्य
तत्त्राणैकान्तदीक्षो धृतमनुजतनुश्शङ्करो लोकनाथः ।
सर्वश्रेयो विधातुं स्वयमिह विमलज्ञानपुञ्जप्रकाशं
पीठं संस्थाप्य दिव्यं निजमहिमयुतं सम्बभूवात्तकृत्यः ॥ २ ॥

सिंहासनेऽत्राखिललोकवन्द्ये
भव्याभिषेको यमिनोऽद्य नूनम् ।
श्रीसच्चिदानन्दगुरोर्विभाति
यथा सुवर्णे हि सुगन्धयोगः ॥ ३ ॥


पुण्यं द्वारवतीतीर्थं यादवेन्द्रनिकेतनम् ।
सच्चिदानन्दतीर्थाख्यगुरुणा द्विगुणीकृतम् ॥ ४ ॥

—पं. लालजी शास्त्री, बेट द्वारका

www.dwarkasharadapeetham.org



જામનગરમાં શ્રી જગદ્ગુરુશ્રીનું સરઘસ



જામનગરમાં શ્રીશંકર જયંતી સભામાં શ્રીજગદ્ગુરુશ્રીનું પ્રવચન

www.dwarakasharadapeetham.org



જામનગર યુવરાજશ્રીનો શ્રી જગદ્ગુરુશ્રી અક્ષરારંભ કરાવે છે



જામનગરમાં યુવરાજશ્રીના અક્ષરાભ્યાસ મહોત્સવમાં
ના. મહારાજા જામસાહેબ, અ. સૌ. મહારાણી સાહેબ આદિ

www.dwarakashardapeetham.org

॥ श्री ॥

**शङ्करं शङ्कराचार्यं केशवं बादरायणम् ।**
**सूत्रभाष्यकृतौ वन्दे भगवन्तौ पुनः पुनः ॥**

## મા ન પ ત્ર

**શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્યવર્ય પદવાક્યપ્રમાણ પારાવારપારીણા-દ્યનેકપદાંકિત શ્રીમજ્જગદ્ગુરુ શ્રીશંકરાચાર્ય શ્રી પશ્ચિમા-મ્નાય દ્વારકા શારદાપીઠાધીશ્વર સ્વામીશ્રી ૧૦૦૮**

# શ્રી અભિનવસચ્ચિદાનંદતીર્થશ્રી

### એઓશ્રીની પવિત્ર સેવામાં

**આપશ્રીને** શારદાપીઠ જેવા શ્રી આદ્યશંકરાચાર્ય મહારાજે સ્થાપેલા સ્થાન ઉપર આજે આરૂઢ થતા જોઇ અમોને ઘણો જ હર્ષ થાય છે.

**આપશ્રીએ** તત્ત્વજ્ઞાન, વેદાંત, કર્મકાંડ, ભક્તિ, સામાજિક, સંધ્યા વૈશ્વદેવાદિ નિત્ય નૈમિત્તિક કર્મો, અવતારમીમાંસા ચાર વર્ણ તથા આશ્રમના સામાન્ય તથા વિશેષ ધર્મો આદિ સનાતન ધર્મની વિવિધ શાખાઓ ઉપર સંસ્કૃત તથા રાષ્ટ્ર-ભાષામાં વ્યાખ્યાનો આપીને જિજ્ઞાસુઓની ધાર્મિક ભાવનાને આકર્ષી દૃઢ કરી છે. આવું આપશ્રીનું અગાધ જ્ઞાન જોઇને અમો આપના પ્રત્યે આકર્ષાઇ આપને વંદન કરીએ છીએ.

**સૌથી** પુરાતન અને સન્માનનીય આર્યાવર્તના વૈદિક ધર્મ તથા તત્ત્વજ્ઞાનના ભવ્ય મંદિરના નિર્માતાઓની નામાવલિમાં જગદ્ગુરુ શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય મહારાજનું નામ પ્રથમ છે. અદ્વૈતસિદ્ધાન્તના પ્રસ્થાપક અને ભાષ્યકાર તરીકે શ્રીશંકરાચાર્ય મહારાજે જે તત્ત્વજ્ઞાન વિશ્વને અર્પ્યું છે, તે આજે અઢી હજાર વર્ષે પણ સૂર્યના પ્રકાશની માફક જગતના અજ્ઞાનાંધકારનો નાશ કરી રહ્યું છે. તેઓશ્રીનું તેજ સામર્થ્ય અને મહત્તાને પુરવાર કરવા માટે તેવા મહાન પુરુષની ઉજ્જવલ પરંપરા સાચવનારા તેઓશ્રીના શિષ્ય તરીકે દ્વારકા શારદાપીઠ ઉપર આપનો અભિષેક થયો છે, તે પ્રસંગથી અમોને અત્યંત આનંદ થાય છે.

**આપના** દર્શનથી અમોને આદિ ગુરુશ્રી શંકરાચાર્ય મહારાજનાં દર્શન કરતા હોઇએ એવી પ્રતીતિ થાય છે. આપના જ્ઞાનથી અમારાં હૃદય પવિત્ર થશે. આપની સાત્વિક મૂર્તિમાં આર્યધર્મનું ઓજસ ઝળહળે છે. આપની સંસ્કારિતા અને સહૃદયતાથી શ્રોતાઓનાં હૃદયોમાં શુદ્ધ સનાતન ધર્મની ભાવના જાગૃત થઈ સનાતન

www.dwarakasharadapeetham.org

વૈદિક ધર્મની પ્રણાલિકાઓ વધુ બળવત્તર બનશે અને શ્રીશંકરાચાર્ય મહારાજની પરંપરા સચવાશે. અમો ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ અને સઘળાં હિન્દુ રાજ્યસ્થાનો સાથે વડોદરા રાજ્ય અને દ્વારકાની સનાતન ધર્મપ્રેમી પ્રજા આપને વંદનીય માની અત્યંત હર્ષ અને સંતોષ જાહેર કરીએ છીએ.

આપનું નિવાસસ્થાન "મૂલબાગલ" પણ શારદાપીઠની અંતર્ગત શાખા હોવાથી, હવે અમારા સમગ્ર પ્રદેશ અને પ્રભાસ પાટણ જેવા તીર્થને તેમ જ દ્વારકા ક્ષેત્રનાં પવિત્ર તીર્થોને આપ અધિક ઉજ્જવલ બનાવશો એમ અમોને સંપૂર્ણ વિશ્વાસ છે.

આપશ્રી તો સ્તુતિનિંદાથી પર છો, છતાં આપના પ્રત્યેની ભક્તિભાવની લાગણીઓથી પ્રેરાઈ અમો ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, સઘળાં હિંદુ રાજ્યસ્થાનો સાથે વડોદરા રાજ્ય અને દ્વારકાની સનાતન ધર્મપ્રેમી પ્રજાના સેવકો આ માનપત્ર આપશ્રીના ચરણકમળમાં અર્પી કૃતાર્થ થઈએ છીએ. અને જગજ્જનની શારદામ્બા દેવીને અમો શુદ્ધ અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીએ કે, જગદ્‌ગુરુ શ્રી અભિનવસચ્ચિદાનંદતીર્થ મહારાજ હિંદુ રાજસ્થાનો, શ્રીમંત વડોદરા નરેશ અને સમગ્ર સનાતની પ્રજાનું કલ્યાણ થાય એવો પ્રચાર અને પ્રયત્ન કરતા રહો એ જ પ્રાર્થના.

દ્વારકા
૨૦–૬–૪૫

લી૰ અમો છીએ આપના ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ અને સઘળાં હિન્દુ રાજ્યસ્થાનો, તેમ જ વડોદરા રાજ્ય, દ્વારકા સનાતનધર્મી પ્રજાના સેવકો.

www.dwarakasharadapeetham.org



દ્વારકા સ્ટેશન ઉપર શ્રી જગદ્ગુરુશ્રીનું સ્વાગત



શ્રી જગદ્ગુરુશ્રીનું દ્વારકાપુર પ્રવેશ સરઘસ

www.dwarakashardapeetham.org



દ્વારકા શહેરમાં શ્રી જગદ્ગુરુશ્રીનું સરઘસ



દ્વારકાધીશ મંદિરના મોક્ષદ્વારમાં શ્રી જગદ્ગુરુશ્રી

www.dwarakasharadapeetham.org

## શ્રી જગદ્‌ગુરુશ્રીના પટ્ટાભિષેક વખતે તાર-પત્ર આદિથી અભિનન્દન સન્દેશ જે મહાશયોએ મોકલ્યા હતા એમાં મુખ્યોનાં નામ—

૧-વડોદરા, જામનગર, ભરતપુર, ભાવનગર, કચ્છ, ગોણ્ડલ, ધ્રાંગધ્રા, મોર, ભાદરવા, રાજકોટ, વઢવાણ, કોટડાસાંગાણી, વાવ, પાટડી આદિ રાજ્યોના મહારાજા સાહેબો.

૨-શ્રી વલ્લભકુલપ્રદીપ ગોસ્વામી દીક્ષિતજી મહારાજ. મુંબઈ.

૩-સર બ્રજેન્દ્રલાલ મિત્રસાહેબ, દીવાન સાહેબ. વડોદરા.

૪-સર મિર્ઝા ઈસ્માઈલ, ,, જયપુર.

૫-શ્રી એ. વિ. રામનાથન્. ,, ભરતપુર.

૬-ડો. બિહારીલાલભાઈ અનંતાણી ,, જવહર.

૭-શ્રી હરકાંતજી શુકલ. ,, કોટડાસાંગાણી.

૮-શ્રી હરિલાલભાઈ. ,, વઢવાણ.

૯-દંડીસ્વામીશ્રી વામનાશ્રમ મહારાજ. ડાકોર.

૧૦-મહંતશ્રી માયાપ્રસાદજી મહારાજ. જામનગર.

૧૧- ,, કરસનદાસજી ,, સાયલા.

૧૨- ,, ગોમતીદાસજી ,, દૂધરેજ.

૧૩- ,, કર્ણુભારતી ,, જૂનાગઢ.

૧૪-શ્રી રવિનંદનસ્વરૂપ બ્રહ્મચારી મહારાજ. પાલીતાણા.

૧૫-શ્રી રા. બ. સ. મા. પરાંડે, અધ્યક્ષ, અ. ભા. વ. સ્વ. સંઘ. નાગપુર.

૧૬-શ્રી સ્વ. શેઠ લચ્છીરામ ચૂડીવાલા, કોષાધ્યક્ષ, અ. ભા. વ. સ્વ. સંઘ. મુંબઈ.

૧૭-શ્રી શેઠ દેવીદાસ માધવજી ઠાકરસી, જે. પી. માજી અધ્યક્ષ, વ. સ્વ. સંઘ. મુંબઈ.

૧૮-શ્રી શેઠ ચિરંજીલાલજી લોયલકા, અધ્યક્ષ, મુંબઈ પ્રાંતીય વ. સ્વ. સંઘ તથા અ. ભા. ગોરક્ષણ સમ્મેલન. મુંબઈ.

૧૯-શ્રી. પ્રો. જયેંદ્રરાય ભગવાનલાલ દુર્કાલજી, એમ એ. અધ્યક્ષ, સનાતન વૈદિક ધર્મસભા. અમદાવાદ.

૨૦-"દાર્શનિકસાર્વભૌમ" "ન્યાય-સાહિત્ય-વ્યાકરણ-મીમાંસા આચાર્ય" પં. રામજી પાંડેય શાસ્ત્રી, મંત્રી. મું. પ્રાં. ધર્મસંઘ. મુંબઈ.

૨૧-શ્રી પ્રધાનમંત્રી, અ. ભા. ધર્મસંઘ. કાશી.

૨૨-"ન્યાયાચાર્ય" પં. મુનિચંદ્ર પાઠકજી, અધ્યક્ષ, પંડિત પરિષદ્. મુંબઈ.

૨૩-"વેદાન્તાચાર્ય" પં. ત્ર્યમ્બકરામ શાસ્ત્રી, અધ્યક્ષ, રાજકીય સંસ્કૃત પાઠશાળા. જામનગર.

૨૪-રા. બ. શ્રી દત્તાત્રેય દામોદર રાનડે, જે. પી. માજી અકૌંટંટ જનરલ. મુંબઈ.

www.dwarkashardapeetham.org


| | |
|---|---|
| ૨૫–શ્રી શેઠ ભગવાનદાસ રામજી, જે. પી. | મુંબઈ. |
| ૨૬–શ્રી રાજવૈદ્ય જીવરાજ કાલીદાસ શાસ્ત્રીજી, રસશાલા ઔષધાશ્રમ. | ગોંડલ. |
| ૨૭–રા. દેવશંકર જયકૃષ્ણ દવે, માજી દીવાનસાહેબ. | ધ્રાંગધ્રા. |
| ૨૮–શ્રી મણિલાલ મોહનલાલ ઝાલા, ચીફ જજસાહેબ. | વડોદરા. |
| ૨૯–કૅપ્ટન બી. જી. નાડિગેર | મુંબઈ. |
| ૩૦–શ્રી ચંદુભાઈ પટેલ, વિદ્યામંત્રી. | ગોંડલ. |
| ૩૧–શ્રી રાધેશ્યામ દ્વિવેદી, ઉપાધ્યક્ષ, ઔદીચ્ય બ્રાહ્મણસભા. | મથુરા. |
| ૩૨–શ્રી મણીંદ્રકુમાર મુખર્જી, અધ્યક્ષ, નિ. ભા. આયુર્વેદ સમ્મેલન. | કલકત્તા. |
| ૩૩–શ્રી શેઠ લોકમલ છેલ્લારામજી, અધ્યક્ષ, સનાતન ધર્મસભા. | કરાચી. |
| ૩૪–રા. સા. શ્રી મ. મ. દ્વિવેદી, વિદ્યામંત્રી, | ધ્રાંગધ્રા. |
| ૩૫–શ્રી ચંદુભાઈ ઉપાધ્યાય, પોલીસ કમીશ્નર | ,, |
| ૩૬–શ્રી દુર્ગાશંકરભાઈ પંચોળી, ચીફ ઈંજિનીયર. | ,, |
| ૩૭–રાયબહાદુર કાશીનાથસિંગજી. | ગયા. |
| ૩૮–શ્રીધર ગોવિંદ કાળે, એમ. એ. | ગ્વાલિયર. |
| ૩૯–રાવોળ શ્રી અજિતસિંહજી, વજીરસાહેબ. | રાજકોટ. |
| ૪૦–શાસ્ત્રી શ્રી વિષ્ણુપ્રસાદજી, અધ્યક્ષ, સનાતન ધર્મમંડલ. | મૂળી. |
| ૪૧–કુમારશ્રી જેડીસિંગજી પૅલેસ ઓફિસર. | ધ્રાંગધ્રા. |
| ૪૨–જયંતિલાલભાઈ, અધ્યક્ષ, સનાતનમંડલ. | કપડવંજ. |
| ૪૩–શ્રી જયકૃષ્ણશાસ્ત્રી, અધ્યાપક, હંટર કોલજ. | રાજકોટ. |
| ૪૪–ડો. ત્રિલોકીનાથ શર્મા. | અમૃતસર. |
| ૪૫–શ્રી વિશ્વાસરાવ ડાવરે, માજી અધ્યક્ષ, મ. પ્રાં. વ. સ્વ. સંઘ. | પૂના. |
| ૪૬–શ્રી મહાત્માશ્રમ. | પેટલાદ. |
| ૪૭–પ્રોફેસર ધારપુરે, લૉ કૉલેજ. | પૂના. |
| ૪૮–શ્રી સ્વ. જયંતિલાલભાઈ બક્ષી, સ્પેશલ ઓફિસર. | જામનગર. |
| ૪૯–શ્રી મનમોહનરાય ટી. રાવળ, ઍડ્વોકેટ. | રાજકોટ. |
| ૫૦–શ્રી કે. કે. સેવક, ઍડ્વોકેટ. | ,, |
| ૫૧–શ્રી દાતારશેઠ રમણલાલભાઈ. | પેટલાદ. |
| ૫૨–પં. મંગલજી શાસ્ત્રી, સમ્પાદક, વિશ્વમંગલ. | અમદાવાદ. |
| ૫૩–"આસ્થાનમહાવિદ્વાન્" "પંડિતરત્ન" કુક્કે. સુબ્રહ્મણ્યશાસ્ત્રી. | શિવમોગ્ગા. |
| ૫૪–વીરમગામ–ઔ. બ્રા. જ્ઞાતિ ચેરમેન | બેંગલોર. |
| ૫૫–શ્રી વામનરાવ ધોલકિયા, પ્રેસિડેંટ, બાર એસોસિએશન. | અમદાવાદ. |

વગેરે વગેરે.

www.dwarkashardapeetham.org



જામનગરમાં શ્રી જગદ્‌ગુરુશ્રીની વ્યાખ્યાન સમાપ્તિ સભા જ્યાં દ્વારકાના મહાજનના પ્રતિનિધિએ દ્વારકા પધારવાનું નિમંત્રણ આપ્યું



જામનગરથી શ્રી જગદ્‌ગુરુશ્રીના દ્વારકા પ્રતિ પ્રસ્થાન

www.dwarakasharadapeetham.org



www.dwarakasharadapeetham.org

શ્રી જગદ્ગુરુ શંકરાચાર્યજી મહારાજ




શ્રીદ્વારકામાં શ્રીદ્વારકાધીશના જગતમંદિર તથા શ્રીગોમતીઘાટ.


આ પુસ્તક મળવાનું ઠેકાણું:—

શ્રી કારભારી

શ્રીદ્વારકા શારદાપીઠ

મુ. દ્વારકા (કાઠિયાવાડ).

www.dwarakasharadapeetham.org




શ્રીદ્વારકાધીશ મંદિરના સ્વર્ગદ્વાર
તથા છપ્પન સીડી

www.dwarkashardapeetham.org